જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૧૨/૨૦૧૫ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૭૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી ૧૧૨ લીટર દેશી દારૂ, ૨૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ ઓટોરિક્ષા અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૦૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૭૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૫૭૬/૧૫**

**ચાંદખેડાઃ** શિતલબહેન ભરતભાઈ સેનમા (ઉ.વ.૧૭) (રહે.ઔડાના મકાન ચાંદખેડા ગામ પાછળ) ને તા.૨૮/૧૨/૧૫ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી મનોજ કનુભાઈ (રહે.ગામ ચેલીસણા તાલુકો વિજાપુર જીલ્લો મહેસાણા) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ શિતલબહેનના પિતા ભરતભાઈ સેનમાએ તા.૨૩/૧૨/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ બી ચાવડા ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૫૭૭/૧૫**

**ચાંદખેડાઃ** નિરવ અશોકકુમાર જોષી (રહે. ધર્મનગર સોસાયટી ધર્મનગર સાબરમતી) એ તા.૨૩/૧૨/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૯/૨૦૧૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન વેલજીભાઇનો કુવો મોટેરા, મોટેરા સ્ટેડિયમની બાજુમાં (એન.એ.કન્સ્ટ્રક્શન) ચાંદખેડા ખાતે આરોપી (૧) નિલેશ મુકુંદરાય શાહ (૨) મુકુંદરાય શાહ (૩) રુપેશ એન. શાહ (૪) રિતેશ પટેલ (રહે. ચોથોમાળ, સિધ્ધાર્થ ફ્લેટ મધર ડેરીની બાજુમાં ગોરમો રેસ્ટોરેન્ટ પાસે જજીસ બંગ્લોઝ રોડ બોડકદેવ) એ ભેગા મળી ઓફીસનુ સરનામુ એમ.જી.લાયબ્રેરી પાસે ૫/૩ પાંચમો માળ શ્રીજી હાઉસ ગુજરાત ભવન સામે ટાઉનહોલ એલીસબ્રીજ અમદાવાદ તથા શાંતમ કોમ્પ્લેક્ષ ૪૦૨, ચોથોમાળ ગુરુકુળ અમદાવાદ તેમજ ૧૨૦, શીવ ગણેશ સોસાયટી સ્કેટર-૧ ઓપો કેડીલા હોસ્પિટલ હેબતપુર રોડ થલતેજ ખાતે રાખી પોતે એન.એ.કન્સ્ટ્રક્શનના માલીકો તેમજ એમ.ડી. છીએ અને સરકાર સાથે વાઇબ્રન્ટ પ્રોજેક્ટમાં રુપિયા ૩૮૦૦/- કરોડના એમ.ઓ.યુ. કરી લોકોને પરવડે તેવા એફોર્ડબલ હાઉસીંગ રહેણાંકના મકાનોની એન.એ.કન્સ્ટ્રક્શનના નામની લોભામણી જાહેરાતો અખબાર તેમજ રેડીયો મારફતે આપી અને ગુજરાત સરકાર સાથે સંલગ્ન પોતાની એન.એ.કન્સ્ટ્રક્શનની કંપની હોઇ નિરવ જોષીને વિશ્વાસમાં લઇ વિશ્વાસ સંપાદન કરી નિરવ જોષી પાસેથી રૂપિયા ૨,૬૧૦૦૦/- ચેક દ્વારા લઇ જાહેરાતો મુજબ મકાન નહીં આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે.આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.કે.દેસાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સેટેલાઈટઃ** ઉમેશભાઈ રતીલાલ શાહ (રહે.ઈસવા શ્યામ બંગલોઝ લવકુશ સોસાયટી પાસે સેટેલાઈટ) એ તા.૨૩/૧૨/૧૫ નારોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી નમન ઉદયકાંત દેસાઈ (રહે. મહાલક્ષ્મી નવા વિકાસગૃહ રોડ પાલડી) ને શેર માટે આપેલ રૂપિયા ૨૦,૩૯,૦૦૦/- પરત નહી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે કે વાઘેલા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૭૮/૧૫</u>**

**સરદારનગરઃ** રીટાબહેન રીતેશભાઈ બાટુંગે (રહે.સીંગલ ચાલી છારાનગર કુબેરનગર) એ તા.૨૩/૧૨/૧૫ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૨/૧૫ રાતના ૧૧/૦૦ વાગ્યાથી તા.૧૯/૧૨/૧૫ સવારના ૯/૧૫ વાગ્યા દરમ્યાન ઘર નજીક રહેતો આરોપી પ્રશાંત રાજુભાઈ બાટુંગે ઘરમાંથી તિજોરીનુ તાળુ તોડી તિજોરીમાંથી સોનાની ચેઈન, સોનાની બુટ્ટી અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૩,૦૦૦/-મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ઝેડ એમ સીંધી ચલાવે છે.

**નિકોલઃ** હિતેન્દ્રસિંગ ગોપાલસિંગ ચૌહાણ (રહે.મહાકાળીનગર ઓમકાર મીલ પાસે મેમ્કો નરોડા) એ તા.૨૩/૧૨/૧૫ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૨/૧૫ બપોરના ૧/૦૦ થી તા.૨૨/૧૨/૧૫ સાંજના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ૩૫ થી ૪૦ વર્ષના આશરાનો પુરૂષ નિકોલ ખોડીયારનગર ચાર રસ્તા શ્યામ કોમ્પલેક્ષ ખાતે બેન્ક ઓફ ઈન્ડીયાના એટીએમ મશીનનુ હુડ કોઈ ડુપ્લીકેટ ચાવી થી ખોલી મશીનમાં બાકોરૂ પાડી રૂપિયા ૧,૬૮,૫૦૦/- ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર જી ખાંટ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૫૭૯/૧૫**

**પાલડીઃ** મુકેશભાઈ સોમચંદ્ર રામી (ઉ.વ.૫૯) (રહે. કેદારનાથ સોસાયટી પી.ટી.કોલેજ રોડ પાલડી) એ કોઈ કારણસર તા.૨૩/૧૨/૧૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર પેટ્રોલ છાંટી સળગી ગયા હતા. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૫/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ડાહ્યાભાઈ ધુળાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)